ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com


સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 72 ■ અંક : 05 ■ તારીખ : 5, જુન, 2024 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### અમૂલ ડેરી આણંદ દ્વારા

## અંબાજીમાં અમૂલ ડેરી અને જીએફડીએના ડિલરોનું સંયુક્ત સંમેલન યોજાયું

આણંદ : અમૂલના ૭૫ વર્ષની ઉજવણીના પ્રસંગે ભારત સરકારના ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે અમૂલ ઓર્ગેનિક ફર્ટિલાઈઝરનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. અમૂલ ઓર્ગેનિક ફર્ટિલાઈઝરના લોન્ચ કર્યાના અઢી વર્ષમાં અમૂલ દ્વારા ૧૦,૦૦૦ મેટ્રિક ટનથી વધુ અમૂલ ઓર્ગેનિક ફર્ટિલાઈઝરનું વેચાણ કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી અંબાજી ખાતે ગુજરાત ફર્ટિલાઈઝર એસોસિએશનના ૧૫૦થી વધુ ડીલર મિત્રો સાથે સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં અમૂલ ઓર્ગેનિક ફર્ટિલાઈઝરની વિશેષતા વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જેને



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે અમૂલ ઓર્ગેનિક ફર્ટિલાઈઝરનું લોન્ચિંગ કરાયું

જાણી સૌ ડીલર મિત્રો અમૂલ ઓર્ગેનિક ફર્ટિલાઈઝરનું વેચાણ કરવા ઉત્સાહી બન્યા હતા. હાલ અમૂલ ઓર્ગેનિક ફર્ટિલાઈઝરની આઠ જેટલી પેદાશો માર્કેટમાં ઉપલબ્ધ છે જેને ખેડૂતોનો ઘણો સારો પ્રતિસાદ મળેલ છે.

અમૂલ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર ડો. અમિત વ્યાસ, અમૂલ ઓર્ગેનિક ફર્ટિલાઈઝરના માર્કેટિંગ હેડ ડો.ગોપાલ શુક્લા હાજર રહ્યા હતા.

આ સંમેલનમાં અમૂલ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર ડો.અમિત વ્યાસના હસ્તે અન્ય મહાનુભાવોની હાજરીમાં અમૂલ ઓર્ગેનિક ફોસ્ફોરીસ અને અમૂલ ઓર્ગેનિક રૂટેક્સનું લોચિંગ કરવામાં આવ્યું હતું.

## કોસમોસ સહકારી બેંકનો ચોખ્ખો નફો રૂ. ૩૮૪ કરોડ

અમદાવાદ : ભારતની બીજા નંબરની સૌથી મોટી ધી કોસ્મોસ કો-ઓપરેટિવ બેંક લિમિટેડે 31 માર્ચ 2024ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમિયાન બેંકના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી વધુ નફો મેળવ્યો છે. બેંકના ચેરમેન શ્રી મિલિન્દ કાલેએ પત્રકાર પરિષદમાં આપેલી માહિતી મુજબ માર્ચ 2024ના અંતે બેંકનો કુલ વ્યવસાય રૂ. 35408 કરોડ છે, જે ગત નાણાકીય વર્ષ 22-23 કરતાં રૂા. 4662 કરોડ એટલે કે 15.16 ટકા વધુ છે. બેંકની કુલ થાપણો રૂા. 20216 કરોડ જ્યારે કુલ એડવાન્સ રૂા. 15192 કરોડ જે ગત નાણાકીય વર્ષ



કરતાં રૂ. 2075 કરોડ વધુ છે . બેંકની ગ્રોસ એનપીએ 3.22 ટકા છે અને નેટ એનપીએ 1.54 ટકા છે.

માર્ચ 2014 ના અંતે બેંકનાં ટેક્સ પહેલાંનો નફો રૂ. 461 કરોડ અને ચોખ્ખો નફો રૂ. 384 કરોડ છો. મેનેજમેન્ટ બોર્ડના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતુ કે કોઈપણ સહકારી બેંક નબળી પડે તેના નાણાકીય વ્યવહાર અટકી જાય ત્યારે કોસમોસ બેંક તેને પોતાના હસ્તક લઈને સબળ બનાવે છે. આવી 18 બેંકો કોસમોસ બેંકે લીધી છે. તેમણે નાના વ્યવસાયકારો માટે બેંકની સ્મોલ ફાઈનાન્સ યોજનાની પણ વિગતો આપી હતી. ગુજરાતમાં બેંકની 30 શાખાઓ સહિત દેશમાં કુલ 170 શાખાઓ કાર્યરત છે.

## 2035થી પાંચ વર્ષ દરમિયાન વૈશ્વિક વિકાસમાં 30% હિસ્સો ભારતનો રહેશે

### દેશના એકંદર વિકાસનો આધાર રાજ્યોની મજબૂતાઈ પર

મુંબઈ : માળખાકીય સુધારાને પરિણામે ભારત હાલમાં ટોચના પાંચ અર્થતંત્રોમાં સ્થાન મેળવી શક્યું છે અને છેલ્લા ત્રણ ત્રિમાસિક ગાળામાં દેશનો આર્થિક વિકાસ દર 8.40 ટકા આસપાસ જોવા મળી રહ્યો છે એમ નીતિ આયોગના ભૂતપૂર્વ વડાશ્રી અમિતભાઈ કાંતે જણાવ્યું હતું.

2035 થી 2040ના પાંચ વર્ષ દરમિયાન વૈશ્વિક વિકાસમાં 30 ટકા હિસ્સો ભારતનો હશે એમ તેમણે સીઆઈઆઈની વાર્ષિક વેપાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું. રાજ્યોના વિકાસ માટે તેમની સાથે મળી કામ કરવા શ્રી કાંતે દેશની કંપનીઓને અનુરોધ કર્યો છે. દેશમાં



12થી13 રાજ્યોને એકદમ મજબૂત બનાવવાની આવશ્યકતા છે જે પ્રતિ વર્ષ 10 થી 11 ટકા આર્થિક વિકાસ દર હાંસલ કરી શકે માટે કેન્દ્ર સરકારે પણ તેમની સાથે સહયોગમાં કામ કરવાની જરૂર છે.

વિશ્વમાં જે પણ દેશોએ પ્રગતિ કરી છે તે તેમણે ઉત્પાદન અને આયોજનપૂર્ણ શહેરીકરણને આધારે કરી છે માટે ભારતને પણ ઉત્પાદન ક્ષેત્રનું મથક બનાવવા પર તેમણે ભાર આપ્યો હતો.

## ફૂડ પ્રોસેસિંગ સેક્ટરમાં એઆઈના ઉપયોગને વેગ આપીશું : સરકાર

નવી દિલ્હી : ભારત કાર્યક્ષમતામાં સુધારો કરવા, ખેડૂતોની આવક વધારવા અને પર્યાવરણીય પ્રભાવને ઘટાડવા માટે ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના ઉપયોગને વેગ આપવાની યોજના ધરાવે છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ ક્ષેત્રમાં ફ્રન્ટિયર ટેકનોલોજીનો ઉપયોગ કરવા અંગે એનઆઈએફટીઈએમ (નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફૂડ ટેકનોલોજી એન્ટરપ્રિન્યોરશિપ એન્ડ મેનેજમેન્ટ) દ્વારા આયોજિત એક સંમેલનમાં વરિષ્ઠ અમલદારો અને સરકારી સલાહકારોએ એઆઈ ટૂલ્સને તૈનાત કરવા માટે એક રોડમેપની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જે હજુ પણ દેશના વિશાળ ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગમાં પ્રારંભિક તબક્કે છે. એક ઉદ્યોગ તરીકે, આપણે એક રોડમેપ બનાવવાની જરૂર છે. એમઈઆઈટીવાય સેક્રેટરી બોર્ડમાં આવ્યા છે. મને ખાતરી છે કે તેઓ આ પ્રયાસમાં મોટો ટેકો આપશે, ફૂડ પ્રોસેસિંગ સચિવશ્રી અનિતા પ્રવીણે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય



(એમઈઆઈટીવાય)ના સચિવનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું. એમઈઆઈટીવાયના સેક્રેટરી એસ કૃષ્ણને એઆઈને વ્યાપકપણે અપનાવવાની હિમાયત કરતાં કહ્યું હતું કે કૃષિક્ષેત્રે પહેલેથી જ થોડું કામ થઈ રહ્યું છે, પરંતુ ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર હજી પણ આવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાના પ્રારંભિક તબક્કામાં છે. નીતિ આયોગના સભ્યશ્રી રમેશ ચંદ્રે કહ્યું હતું કે, કાર્યક્ષમ ફૂડ પ્રોસેસિંગ ક્લાઈમેટ સ્માર્ટ છે, જે ખેડૂતોની આવક વધારવામાં, ગ્રાહકોને સંતોષ આપવામાં અને વધતા જતા આબોહવા પરિવર્તનના પડકારો વચ્ચે પર્યાવરણીય અસરને ઘટાડવા મદદ કરે છે. તેમણે કૃષિ પેદાશોની ગુણવત્તાની ચકાસણી માટે સરળ પોર્ટેબલ ઉપકરણો વિકસાવવા માટે એઆઈનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું, જે રાષ્ટ્રની મહાન સેવા બની શકે છે.

### પ્રોજેક્ટ ફાયનાન્સના નિયમોનો મુસદ્દો

## નાણાં ખાતું ઈન્ફ્રા લેન્ડરના પ્રશ્નો મધ્યસ્થ બેન્કની સાથે હાથ ધરશે

નવી દિલ્હી : નાણાં મંત્રાલયનું ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક અફેર્સ (ડીઈએ) ટૂંક સમયમાં જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી ડ્રાફ્ટ પ્રોજેક્ટ ફાયનાન્સ માર્ગદર્શિકા પર બેંકો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધિરાણકર્તાઓના પ્રશ્નોના પ્રતિભાવો મેળવશે.સલાહ-મસલતી, આ કવાયત બાદ ડીઈએના વરિષ્ઠ અધિકારીઓ આ અંગે સરકારનો અભિપ્રાય જણાવવા માટે મુંબઈ ખાતે આરબીઆઈની મુલાકાત લે, એવી સંભવિતતા સૂત્રોએ વ્યક્ત કરી હતી. આરબીઆઈએ હિતધારકો ડ્રાફ્ટ માર્ગદર્શિકા માટેની ટિપ્પણીઓ સુપરત કરે, એ માટેની છેલ્લી તારીખ 15 જૂન મંત્રાલયમાં નક્કી કરી છે.ડીઈએ એ નાણાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર દેખરેખ રાખતો મુખ્ય વિભાગ છે. તે બેંકના પ્રતિનિધિઓ પાસેથી ડ્રાફ્ટ આરબીઆઈ માર્ગદર્શિકા પર ચાલુ સપ્તાહના પ્રારંભમાં પ્રતિભાવ મેળવે, એવી શક્યતા છે. આરબીઆઈએ બેંકોને પ્રોવિઝનિંગ હાલના 0.4 ટકાથી એક સામટું જ વધારીને પાંચ ટકા કરી દેવા કહ્યું નથી.

પ્રોવિઝનિંગ માર્ચ, 2027 સુધીમાં પાંચ ટકાએ પહોંચે, એ માટે દર વર્ષે તેને ક્રમિક રીતે ટકા વધારવાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર



1.5 ટકા વધારવાનું રહેશે. કેટલાક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધિરાણકર્તાઓએ સરકાર સમક્ષ એવી રજૂઆત કરી છે કે, તમામ હાલના તેમજ નવા પ્રોજેક્ટમાં વણચૂકવાયેલી લોનોના પાંચ ટકાની જનરલ પ્રોવિઝન આવશ્યક ગણાવતી દરખાસ્ત પર પુનઃ વિચારણા કરવી જરૂરી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, તેમણે સરકારને ભલામણ કરી છે કે, આખરી માર્ગદર્શિકામાં ઉમેરારૂપ પ્રોવિઝનનો આગ્રહ ન રાખવો જોઈએ.

બેંકોને એવી આશંકા છે કે, આરબીઆઈ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રકલ્પો માટે ઊંચી પ્રોવિઝનિંગ રાખવામાં આવી છે, તેનાથી પ્રોજેક્ટનો ખર્ચ વધી જશે અને પરિણામે ઘણા પ્રોજેક્ટ્સ વ્યવહારૂ રીતે અશક્ય થઈ જવાની શક્યતા છે. વળી, અન્ય ક્ષેત્રો પર પણ તેની અસર પડી શકે છે.

### RBIએ પોતાના બુલેટિનમાં આશા વ્યક્ત કરી

## ગ્રામીણ માંગમાં વધારો અર્થતંત્રને નવી ઊંચાઈએ લઈ જશે

અમદાવાદ : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ (આરબીઆઈ) પ્રસિદ્ધ કરેલા તેના બુલેટિનમાં જણાવ્યું હતું કે ભારતમાં એકદરે માંગમાં વધારો થઈ રહ્યો છે અને ગ્રામિણ અર્થતંત્રમાં ખાધ પદાર્થો સિવાયની ચીજવસ્તુઓ પર કરવામાં આવતો ખર્ચ વધી રહ્યો છે તેના કારણે ભારતીય અર્થતંત્ર વિકાસના માર્ગે નવા સીમાચિહ્નો સર કરવા સુસજ્જ છે. ભારતીય અર્થતંત્રમાં આવી ગતિ જોવા મળે તેની ઘણા સમયથી રાહ જોવામાં આવી રહી હતી પરંતુ હવે તેની આવી ગતિ પકડતા વાર લાગે એમ નથી.

આ બુલેટિનમાં સ્ટેટ ઓફ ઈકોનોમિ નામનો એક આર્ટિકલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે હાલમાં ફુગાવાનો દર ઘટતો ન હોવાથી વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ બગડી છે. આના કારણે વૈશ્વિક આર્થિક સ્થિરતા સામે જોખમ ઊભું થાય એવી શક્યતા પણ રહેલી છે.

આવી વૈશ્વિક પરિસ્થિતને ધ્યાનમાં રાખી રોકાણકારો પણ નર્વસ બન્યા છે અને તેના પરિણામે તેઓ સલામત ગણાતી એસેટ્સમાં રોકાણ કરવા અન્ય એસેટ્સમાંથી તેમનું રોકાણ પાછું ખેંચી રહ્યા છે. આના પરિણામે મૂડીના પ્રવાહમાં પણ ભારે અફરાતફરી જોવા મળી છે. આવા સંજોગોમાં ભારત હવે અર્થતંત્રની ગતિને વધારે એવી આશા જાગી છે, કારણ કે એકદંર માંગમાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા બે વર્ષમાં પ્રથમ વાર ગ્રામિણ ભારતમાં એફએમસીજીની માંગ શહેરી વિસ્તારો કરતાં વધી ગઈ છે. ગ્રામિણ ક્ષેત્રે આ માંગમાં વધારાનો દર 7.6 ટકા છે જ્યારે શહેરી વિસ્તારોમાં આ દર 5.7 ટકા જ રહ્યો છે. આના કારણે એફએમસીજી પ્રોડક્ટના વેચાણમાં 6.5 ટકાનો વધારો નોંધાયો છે. ભારતની લિસ્ટેડ કંપનીઓના પરિણામ પણ સારા આવ્યા છે. લિસ્ટેડ ખાનગી કંપનીઓમાં અર્નિંગનો ગ્રોથ નાણાભંડોળનો મોટો સ્રોત બન્યો છે.

## કૃષિ સ્ટાર્ટઅપ્સની સંખ્યા 9 વર્ષની અંદર વધીને 7 હજારને પાર થઇ

નવી દિલ્હી : સાનુકૂળ વાતાવરણ તથા સરકારની સહાયને કારણે કૃષિ તથા તેનાં સંલગ્ન ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યા છેલ્લાં નવ વર્ષોમાં વધીને 7,000 કરતાં વધુ થઈ છે, એમ એક હેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

2014-15 પહેલાં કૃષિ તથા તેનાં સંલગ્ન ક્ષેત્રોમાં 50 કરતાં ઓછાં સ્ટાર્ટઅપ્સ હતાં. એમ ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિથા ફાર્મર એસોસિએશન્સ (એફએઆઈએફએ) દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા - ભારતના કૃષિ ક્ષેત્રનું રૂપાંતરણ એ શીર્ષક ધરાવનારા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર એન્ડ ધર્મર્સ વેલ્ફેર (ડીએએફડબલ્યુ) પ્રારંભિક ઈકોસિસ્ટમનું સંવર્ધન કરીને તથા નાણાંકીય સહાય પૂરી પાડીને નવીનતા તથા કૃષિ-ઉદ્યોગસાહસિકતાને ઉત્તેજન આપવા માટે 2018-19થી રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (આરકેવીવાય) હેઠળ ઈનોવેશન એન્ડ એગ્રી-આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કાર્યક્રમનો અમલ કરી રહ્યું છે.2018-19 દરમિયાન દેશભરમાં આ અમલીકરણ તેમજ સ્ટાર્ટઅપ્સના કાર્યક્રમના ઈન્ક્યુબેશન માટે વિભાગ દ્વારા પાંચ નોલેજ પાર્ટનર્સ (કેપી.) તથા આરકેવીવાય એગ્રીબિઝનેસ ઈન્ક્યુબેટર્સ (આર-એબીઆઈ)ની નિયુક્તિ કરવામાં આવી છે, જે હાલની જરૂરિયાતોને સંતોષવા માટે પૂરતી છે. અહેવાલમાં સમાવેશક અભિગમ ફળદાયી રહ્યો હોવાનું સ્વીકારવા સાથે સરકારના એક દાયકાના પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા.

ખેડૂતોની આવકને સહાય કરતી પહેલથી લઈને ખેતીકીય ઈન્શ્યોરન્સ યોજનાઓ અને ઓર્ગેનિક ખેતીને વેગ આપવા માટે વિસ્તરિત સિંચાઈ કવરેજ,

### 50,000 ફેરિયાઓને પણ ટ્રેનિંગ આપવાની શક્યતાઓ તપાસી રહેલી સરકાર

## એક કરોડ ઘરોમાં સૌર ઊર્જા પૂરી પાડવા કૌશલ્યપૂર્ણ વર્કફોર્સ માટે એક લાખ લોકોને તાલીમ અપાશે

અમદાવાદ : એક કરોડ ઘરોને સૌર ઉર્જા પૂરી પાડવાની પોતાની યોજનાને બળ આપવા સરકારે સોલાર પેનલ સ્થાપિત કરવા અને તેના સંચાલન માટે મજબૂત કૌશલ્યપૂર્ણ વર્કફોર્સ તૈયાર કરવાની દિશામાં કામગીરી હાથ ધરી છે.

રિન્યૂએબલ એનર્જી, સ્કીલ ડેવલોપમેન્ટ અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે કૌશલ્ય યોજના શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર કવાયત પીએમ સૂર્ય ઘર : મુફ્ત બીજલી યોજનાને બળ આપવા માટે હાથ ધરવામાં આવી છે. સરકારની રૂફટોપ સોલાર યોજનાનો હેતુ સોલાર પેનલ્સથી જોડાયેલ ગ્રીડ દ્વારા ઘરોને 300 યૂનિટ વીજળી ઉપલબ્ધ કરાવવાનો છે. આ યોજના ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં લાગુ કરવામાં આવી હતી. જે હેઠળ જેઓ સોલાર પેનલ સ્થાપિત કરવા માંગે છે તેવા ઘરોને રૂ.78,000 સુધીની સબસીડી આપવામાં આવશે.

હાલ એક લાખ લોકોને તાલીમની યોજના છે પણ યોજનાની જરૂરિયાત અને માંગ પ્રમાણે આ સંખ્યામાં વધારો કરવામાં પણ આવી શકે છે. સરકાર હસ્તકની આરઈસી લિમિટેડ રૂફટોપ સોલાર પ્રોગ્રામમાં સુધારા કરવા માટેની નોડલ એજન્સી છે. આ એજન્સી નેશનલ પાવર ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ અને નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન જેવા કેન્દ્રો સાથે સહયોગ સ્થાપવાનું પણ કામ કરશે. એટલું જ નહીં સોલાર પેનલ ઈન્સ્ટોલ કરવા અને તેના મેનેજમેન્ટ માટે 50,000 ફેરિયાઓને પણ તાલીમ આપવાની સરકારની યોજના છે.

મહિલા ખેડૂતોનું સશક્તિકરણ તથા સેવાઓની ડિજિટાઈઝ કરીને સરકારે ખેડૂતોના હેતુઓને પાર પાડવા માટે સર્વગ્રાહ્ય રણનીતિ અપનાવી છે.

છેલ્લાં નવ વર્ષોમાં કૃષિ માટેની બજેટ ફાળવણીમાં 300 ટકાનો ઊછાળો નોંધાયો છે અને આ ફાળવણી રૂપિયા 30,000 કરોડથી વધીને રૂપિયા 1.3 લાખ કરોડ થઈ ગઈ છે.

# હવે હાથ હલાવો અને પેમેન્ટ કરોઃ ચીનમાં 'પામ પેમેન્ટ'ની ટેકનોલોજી આવી

વિજ્ઞાન જેટલી ઝડપથી વિકાસની હરણફાળો ભરી રહ્યું છે એટલી જ તિવ્રતાથી ટેકનોલોજી પણ વિશાળ છલાંગો લગાવી નીત નવી નવી પદ્ધતિઓનું સંશોધન કરીને માનવ જીવનને આસાન કરવાના તરીકા શોધી રહી છે. ફાઈનાન્સના ક્ષેત્રે ટેકનોલોજીએ અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરી છે એમ કહેવું ઉચિત નહીં ગણાય.

1995ની આસપાસ આ ટેકનોલોજીએ ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડને માર્કેટમાં તરતા મૂકીને એક જબરજસ્ત ક્રાંતિ કરી હતી, અને મીડિયાએ વિવિધ પ્રકારના કાર્ડને પ્લાસ્ટિક મનીનું હુલામણુ નામ આપ્યું હતું. પ્લાસ્ટિકના કાર્ડથી ખીસ્સામાં રોકડ રકમ રાખવાની કડાકૂટમાંથી લોકોને રાહત મળી હતી પરંતુ તેમાં પણ નાની મોટી મુશ્કેલી રહી ગઈ હતી. પ્લાસ્ટિક કાર્ડ બાદ ડિજિટલ મની અમલમાં આવ્યા અને લોકોએ પોતાના સ્માર્ટ ફોનમાંથી જ તમામ પ્રકારના પેમેન્ટ કરવાની શરૂઆત કરી દીધી. આ સુવિધાએ પણ રોકડ રકમ રાખવાની ઝંઝટમાંથી લોકોને છુટકારો આપ્યો હતો પરંતુ હવે ટેક્નોલૉજીના નવા લેટેસ્ટ વર્ઝનમાં પેમેન્ટ કરવા માટે મોબાઈલ ફોનની જરૂરિયાત પણ નથી રહેવાની. ચીનમાં માત્ર હથેળીને વેવ કરીને પેમેન્ટ કરી શકાય એવી ટેક્નોલોજી આવી ગઈ છે. ભારતના જાણીતા ઉદ્યોગપતિ અને RPG ગ્રૂપના વડા હર્ષ ગોએન્કાએ હમણાં જ માઇક્રોબ્લોગિંગ સાઈટ એક્સ પર એક વિડિયો પોસ્ટ કર્યો હતો. એમાં એરપોર્ટના એક્સપ્રેસ લાઈન સબવેમાં પ્રવેશવા માટે એક યુવતી પોતાની હથેળી વેવ કરીને પેમેન્ટ કરી રહી છે. ચીનમાં 2023ના જૂનથી પામ પેમેન્ટ નામની આ ટેક્નોલોજી શરૂ થઈ ગઈ હતી. એમાં હથેળીની પ્રિન્ટને પેમેન્ટ અકાઉન્ટ સાથે લિન્ક કરવામાં આવે છે એટલે પેમેન્ટ કરવાની જરૂર પડે ત્યારે સેન્સરની સામે હથેળી બતાવી દેવાથી તમારા ડિજિટલ વૉલેટમાંથી આપમેળે પૈસા કપાઈ જાય છે. ચીનમાં અમલમાં આવેલી આ ટેકનોલોજી ટૂંક સમયમાં જ ભારત સહિતના વિશ્વના તમામ દેશોમાં પ્રસરી જશે તેમાં શંકાને કોઇ સ્થાન નથી.

**આ ટેકનોલોજીમાં હથેળીની પ્રિન્ટને પેમેન્ટ અકાઉન્ટ સાથે લિન્ક કરવામાં આવે છે એટલે પેમેન્ટ કરવાની જરૂર પડે ત્યારે સેન્સરની સામે હથેળી બતાવી દેવાથી તમારા ડિજિટલ વૉલેટમાંથી આપમેળે પૈસા કપાઈ જાય છે**




સહકાર

### પશુધન માટે વેક્સિન કોલ્ડ ચેઈન

# ભારત-યુએનડીપીએ કોલ્ડ ચેઈનના ડિજિટાઈઝેશન માટે હાથ મિલાવ્યા

નવી દિલ્હી : મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલયે કોલ્ડ ચેઈન મેનેજમેન્ટ પ્રોસેસની દેખરેખ માટે પશુધનની રસી માટેની સપ્લાય ચેઈન ડિજિટાઈઝ કરવા યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી) સાથે સંધિ કરી છે.આ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ)નો આશય ભારતના પશુધન ફાર્મસીના વિશાળ નેટવર્કમાં રસીના સ્ટોરેજ ટેમ્પરેચર અને જથ્થા પર રિયલ-ટાઈમ દેખરેખ માટે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ જેવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનો છે, એમ એક સત્તાવાર યાદીમાં જણાવવામાં આવ્યું હતું.રસી સંગ્રહ વ્યવસ્થાપનની સમગ્ર વ્યવસ્થાના ડિજિટાઈઝેશન સાથે રસીના પુરવઠાની વિસંગતતાઓનું નિવારણ કરવામાં આવશે, એમ ડિપાર્ટમેન્ટ ઓફ એનિમલ હસ્બન્ડ્રી એન્ડ ડેરીઈંગ (ડીએએચડી)નાં સચિવ શ્રી અલ્કા ઉપાધ્યાયે જણાવ્યું હતું.

યુએનડીપી વિકસાવવામાં આવેલા એનિમલ કારા વેક્સિન ઈન્ટેલિજન્સ નેટવર્ક (એવીઆઈએન) મારફત અત્યાધુનિક આર્ટિફિશ્યલ



ઈન્ટેલિજન્સ તથા અત્યાધુનિક ટેક્નોલોજીની મદદથી વેક્સિન કોલ્ડ ચેઈન મેનેજમેન્ટ પ્રક્રિયાની દેખરેખ રાખવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું.ભારતમાં યુએનડીપીનાં નિવાસી પ્રતિનિધિ કેઈટલિન વિસેને જણાવ્યું હતું કે, આ પગલું પશુધનના આરોગ્યને સુદ્રઢ કરશે અને માનવ-પશુધન- પર્યાવરણના સંદર્ભમાં જોખમોનું સ્તર ઓછું કરશે. ભારતમાં પશુધનની સંખ્યા આશરે 140 કરોડ છે અને ડીએએચડી આ વર્ષે ફૂટ-એન્ડ-માઉથ ડિસીઝ સામે લગભગ રૂપિયા 900 કરોડના ખર્ચે 70 કરોડ જેટલાં પશુઓને રસીના ડોઝ આપવાનો આશય ધરાવે છે. ડીએએચડીનાં સંયુક્ત સચિવ સરિતા ચૌહાણે જણાવ્યું હતું કે, દેશના વ્યાપક કોલ્ડ ચેઈન નેટવર્કની રિયલ-ટાઈમ દેખરેખ દેશભરમાં ઉચિત તાપમાન પર ગુણવત્તાયુક્ત રસી પૂરી પાડવામાં અને તેના સંચાલનમાં સહાયરૂપ બની રહેશે.કોલ્ડ ચેઈનના ડિજિટાઈઝેશન ઉપરાંત એમઓયુમાં પશુધનના ઈન્શ્યોરન્સ પ્લાનિંગ તથા ડીએએચડીના આઉટરિચ પ્રોગ્રામ માટેની રણનીતિને આવરી લેવામાં આવ્યાં છે.

### ગાજણવાવના ખેડૂતે મધમાખીઓનો ઉછેર કરી નોંધપાત્ર આવક મેળવી

# મનુષ્યના શરીરને સ્વસ્થ રાખવા મધમાખી અને અન્ય રજકોની ભૂમિકા મહત્વની

વઢવાણ : વિશ્વમાં 20 મેના દિવસને વિશ્વ મધમાખી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ મધમાખી દિવસનો મુખ્ય ઉદ્દેશ ઇકોસિસ્ટમમાં મધમાખીઓ અને અન્ય પરાગ રજકોના મહત્વને ઓળખવાનો છે. વિશ્વ મધમાખી દિવસ મુખ્યત્વે જૈવ વિવિધતા જાળવવામાં, મધમાખીના મહત્વ વિશે જનજાગૃતિ વધારવા માટે ઉપયોગી નીવડે છે. વિશ્વ મધમાખી દિવસમાં મધમાખીના મહત્વ વિશે જનજાગૃતિ વધારવાના કારણે પરાગ રજકો અને તેમના રહેઠાણોનું રક્ષણ થશે અને તેમાં સુધારો થશે, તેમની વસ્તીમાં વધારો થશે અને મધમાખી ઉછેરના લાંબા ગાળાના વિકાસને ટેકો આપશે.

મધમાખીઓ અને મધમાખી ઉછેરની વિવિધતાની ઉજવણી છે. 2017માં સંયુક્ત રાષ્ટ્રના (યુ.એન) સભ્ય દેશો દ્વારા વિશ્વ મધમાખી દિવસ તરીકે ઉજવણી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. 2018માં પ્રથમ વખત મધમાખી દિવસ મનાવવામાં આવ્યો હતો. મનુષ્યના શરીરને સ્વસ્થ રાખવા મધમાખી અને



અન્ય રજકોની ભૂમિકા મહત્વની છે.

સુરેન્દ્રનગર જિલ્લાના પ્રાંગધ્રા તાલુકાના ગાજણવાવ ગામના ભરતભાઈ પોતે મધમાખી ઉછેર કેન્દ્ર ચલાવે છે. તેમણે પોતે પોતાના ગામના બાળકો ખેડૂત મહિલાઓ તેમજ ગામના ખેડૂતોને પોતાની વાડીએ બોલાવી મધમાખી વિશે માર્ગદર્શન આપ્યું હતું સાથે પોતે મધમાખીઓનો ઉછેર કરીને સારી આવક મેળવી રહ્યા છે.

ભરતભાઈ પહેલા ખેતી કરતા હતા જેમાં ઓછું ઉત્પાદન તેમજ અપૂરતા ભાવ મળતા હતા ત્યારે તેમને ખેતીની સાથે 50 પેટી મધમાખીથી મધ મેળવવા માટે આગળ આવ્યા, હાલ 400 પેટી થકી મધનું ઉત્પાદન કરીને સારી આવક મેળવી રહ્યા છે. વરિયાળી, તલ, સરગવો, અજમો, જેવા વિવિધ ફ્લેવરના મધનું વેચાણ કરી રહ્યાં છે. યોજાયેલ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ મહિલા ખેડૂતોને મધની બોટલ આપીને લોકો સાથે મધમાખી દિવસની ઉજવણી કરી હતી. બીજા ખેડૂતો પોતાના ખેતરમાં આ પેટી રાખે તો તેમને ઉત્પાદનમાં વધારો થાય અને સાથે મધ પણ મેળવીને તે વેચાણ કરીને આવક મેળવી શકે છે.

### કપાસના આગોતરા વાવેતર માટે તંત્રની માર્ગદર્શિકા જાહેર

# પિયતની સવલત હોય તેવા ખેડૂતોએ જ કપાસના પાકનું આગોતરુ વાવેતર કરવું

ગાંધીનગર : રાજ્યમાં સંભવતઃ 19મી જૂનથી ચોમાસું સિઝન શરૂ થઈ શકે છે. આવી સ્થિતિમાં ખેતી નિયામક દ્વારા એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જે મુજબ, જે ખેડૂતોને પિયતની સવલત હોય તેવા ખેડૂતોએ જ કપાસના પાકનું આગોતરુ વાવેતર કરવું, નહીં તો તેમના પાકને અસર થવાની શક્યતા છે. એવી જ રીતે, બિયારણ બાબતે એવી સ્પષ્ટતા કરાઈ છે કે, ખેડૂતોએ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવી. કોઈપણ સંજોગોમાં લાયસન્સ કે પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિ, પેઢી કે ફેરિયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહીં.

આ માર્ગદર્શિકા પ્રમાણે, બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનો લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને તેની મુદત પૂરી થવાની



**કપાસના વાવેતર માટે બિટી કપાસના બિયારણો-રાસાયણિક ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી મંડળી, સંસ્થા પાસેથી જ કરવી**

વિગત દર્શાવતું બીલ સહી સાથે લેવાનો આગ્રહ રાખવો. રાજ્યમાં કપાસ પાકના વાવેતર માટે જરૂરી બિટી કપાસના બિયારણોનો અને રાસાયણિક ખાતરોનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ખેડૂતોએ કપાસની એક જ જાતનું વાવેતર ન કરતા બજારમાં ઉપલબ્ધ વિવિધ જાતોનું વાવેતર કરવું જેથી સંભવિત જોખમ નિવારી શકાય.

આ ઉપરાંત ખેતી નિયામકની કચેરી દ્વારા બિયારણ અને ખાતરનું જરૂરિયાત મુજબ જુદી-જુદી જાત અને જુદા-જુદા ગ્રેડની આગોતરી ખરીદી કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. બિયારણના કાળા બજાર, અનઅધિકૃત બિયારણનું વેચાણ તથા રાસાયણિક ખાતરોની સાથે નેનો ખાતરો સિવાયના અન્ય ખાતરો ફરજિયાત આપવામાં આવતા હોવાની બાબત ધ્યાને આવે તો નજીકના જિલ્લા ખેતીવાડી ખાતાની ઓફિસનો સંપર્ક કરવાનું પણ કહેવાયું છે.

### સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી) ની

# 76 મી વાર્ષિક સાધારણ સભા તેમજ શીલ્ડ અર્પણ કાર્યક્રમ સંપન્ન થયો

બારડોલી : સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી) ની 76 મી વાર્ષિક સાધારણ તા. 20/05/2024 ને સોમવારના રોજ સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી) ના હોલમાં સૂરત જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલની અધ્યક્ષતામાં મળી હતી.

આ કાર્યક્રમની શરૂઆતમાં સૂરત જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા અને ત્યાર બાદ કાર્યસૂચી મુજબની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીનું વાંચન સૂરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલે કર્યું હતું, સભાનું સંચાલન જિલ્લા સંઘના અધ્યક્ષ શ્રી ભીખાભાઈ ઝ. પટેલે કર્યું હતું. એજન્ડાના તમામ કામો સર્વાનુમતે મંજૂર થયા હતા.

ત્યારબાદ સને 2022-23 ના વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરવા અંગે ઘોષિત કરેલ નીચે મુજબની સહકારી સંસ્થાઓના પ્રમુખશ્રી અને તેમની વ્યવસ્થાપક કમિટીને સૂતરની આંટી પહેરાવી, શાલ ઓઢાડી અને શિલ્ડ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

1. નાગરિક સહકારી બેંકોના વિભાગમાં : ઘી બારડોલી નાગરિક સહકારી બેંક લિ. બારડોલી
2. અર્બન ક્રેડિટ સોસાયટીઓનાં વિભાગમાં : શ્રી મહિધરપુરા અર્બન કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ. સૂરત
3. સેવા/વિવિધ સહ. મંડળીઓનાં વિભાગમાં : શ્રી પુણી વિભાગ સેવા સહકારી મંડળી લિ. પલસાણા
4. પગારદાર કર્મચારીઓના વિભાગમાં : શ્રી એલ.એન્ડ ટી હજીર વર્કસ એમ્પ. ક્રેડિટ સોસાયટી લિ. સૂરત
5. દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના વિભાગમાં : શ્રી વાઘનેરા (માંડવી) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. માંડવી
6. ગ્રાહક સહકારી ભંડાર વિભાગમાં : શ્રી કતારગામ વિભાગ ગ્રાહક સહકારી ભંડાર લિ. સૂરત
7. પિયત સહકારી મંડળીઓના વિભાગમાં : શ્રી ભામૈયા પિયત વિસ્તારમાં પાણીની વહેંચણી કરનારી સહકારી મંડળી લિ. બારડોલી
8. ખેતીપાક રૂપાંતર મંડળીઓના વિભાગમાં : ઘી ઓલપાડ ગૃપ કો.ઓ.કોટન સેલ સોસા. લિ. ઓલપાડ

પ્રમુખસ્થાનેથી ઉદબોધન કરતાં સૂરત જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલે જણાવ્યું હતું કે સૂરત-તાપી જિલ્લાની સહકારી પ્રવૃત્તિ વેગવંતી બની છે તે સમર્પિત સહકારી આગેવાનોને આભારી છે. હજુ પણ સહકારી



પ્રવૃતિના વિકાસ માટે અઢળક તકો રહેલી છે તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્ય મહેમાન પદેથી ઉદબોધન કરતા સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ.ના ચેરમેનશ્રી બળવંતભાઈ પટેલે જણાવ્યું હતું કે સૂરત અને તાપી જિલ્લાની સહકારી પ્રવૃત્તિ વિકાસ પામી છે તેમાં આપણાં સૌના વડિલ માર્ગદર્શક શ્રી ભીખાભાઈ પટેલની ભૂમિકા મહત્વની રહી છે, ગુજરાત સરકારનું બજેટ અને ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું બજેટ સમાંતર હોવાથી ગુજરાતના વિકાસમાં સહકારી પ્રવૃત્તિની ભૂમિકા ખુબ મોટી છે, આપણા સૌ સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા લોકો માટે ગૌરવની લાગણી અનુભવવાની વાત કરી હતી.

સુરત જિલ્લા સહકારી સંઘની 76મી વાર્ષિક સાધારણ સભામાં નાફકબના ડિરેક્ટરશ્રી ગૌતમભાઈ વ્યાસે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા સહકાર મંત્રાલયની રચનાથી આવનારા સમયમાં સહકારી પ્રવૃત્તિને ખુબ જ પ્રોત્સાહન મળશે એમ જણાવી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ.ના પૂર્વ ચેરમેનશ્રી નરેશભાઈ પટેલ તથા વર્તમાન ચેરમેન શ્રી બળવંતભાઈ પટેલ તથા બારડોલી સુગરના ઉપપ્રમુખ શ્રી ભાવેશભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન દ્વારા ઉપસ્થિત સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

અંતમાં આભારવિધિ સૂરત જિલ્લા સહકારી સંઘના એકાઉન્ટન્ટ શ્રી કનુભાઈ ઝેડ.ચૌધરીએ કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલે કર્યુ હતું. સૂરત જિલ્લા સહકારી સંઘની 76મી વાર્ષિક સાધારણ સભા અને શિલ્ડ વિતરણ કાર્યક્રમમાં જિલ્લા સંઘના ઉપાધ્યક્ષશ્રી કૈલાશભાઈ પટેલ તથા માનદમંત્રી શ્રી રમણભાઈ અંબેલાલ પટેલ,તથા તમામ ડિરેક્ટરશ્રીઓ, મહિલા સમિતિના સભ્યો, સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક લિ.ના ડિરેક્ટરશ્રીઓ, સુમૂલ ડેરીના ડિરેક્ટરશ્રીઓ, સુરત જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ડિરેક્ટરશ્રીઓ તેમજ દરેક સંસ્થાના પ્રતિનિધિઓ, વ્યક્તિ સભ્યો વિગેરે 250 જેટલા પ્રતિનિધિઓ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### તાપી જિલ્લાના તિતવા ગામના પરિવારની અનોખી પહેલ

# લુપ્ત થતાં અને લોકોને ઉપયોગી વૃક્ષોના 35 લાખ બીજ એકત્ર કરી સીડ્સ બોલ બનાવ્યા

સુરત : કહેવાય છે કે માનવી માણસ થાય તો ઘણું .આ ધરતી પર મનુષ્ય માત્ર એક એવો જીવ છે જેને પોતાની સભ્ય સંસ્કૃતિ વસાવી છે, પરંતુ આજ માનવીએ પોતાનું ઘર કહેવાય એવી ધરતીનું નખ્ખોદ વાળ્યું છે, જેના કારણે ગ્લોબલ વોર્મિંગ જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. પરંતુ આ બધાનો ઈલાજ પણ મનુષ્ય પાસે જ છે. આવું વિચારીને તાપી જિલ્લાના વાલોડ તાલુકાના તીતવા ગામના એક પરિવારે પૃથ્વી અને પર્યાવરણને સાચવવાનું બીડું ઝડપ્યું છે. છેલ્લા બે વર્ષથી તેમનું પરિવાર અને ગામજનો એ જંગલોમાંથી 35 લાખ જેટલા લુપ્ત થતાં અને લોકોને ઉપયોગી એવા વૃક્ષોના બીજ એકત્રિત કરી તેને સિડ્સ બોલ બનાવીને રોપવાની શરૂઆત કરશે.

હાલમાં ગ્લોબલ વોર્મિંગના કારણે ગરમીનો પારો દિન પ્રતિ દિન વધી રહ્યો છે. તેનું મુખ્ય કારણ વૃક્ષો ઓછા થતા ગયા છે અને કોંક્રિટ જંગલો વધ્યા છે.ગ્લોબલ વોર્મિંગ ઓછું કરવા વૃક્ષો વાવવા ખુબજ જરૂરી છે. જેથી તાપી જિલ્લાના વાલોડ તાલુકાના તિતવા ગામના એન્જિનિયર યુવક ઉત્પલ ચૌધરીએ ગ્લોબલ વોર્મિંગને કઈ રીતે ઓછી કરી શકાય તે માટે ઘણા પુસ્તકો વાંચ્યા અને વૃક્ષો રોપવાની શરૂઆત કરી. તેમણે કહ્યું કે, જે રીતે વાતાવરણ હવામાન અને ઋતુઓમાં ફેરફાર થઈ રહ્યા છે તે જોતા હવે આપણે જાતે જ આનું નિરાકરણ પણ લાવવું પડશે અને એ માટે માત્ર હું જ નહી મારું પૂરું પરિવાર મારા બાળકો અમારી પાંચ પેઢી ગામજનો આ તમામે મળીને છેલ્લા બે વર્ષથી તાપી જિલ્લાના અલગ અલગ



**બે વર્ષમાં એકત્ર કરેલા બીજને વૈજ્ઞાનિક ઢબે વર્મી કમ્પોઝ થકી બનાવેલા સીડ્સ બોલ ચોમાસામાં અલગ અલગ જગ્યાએ રોપવામાં આવશે**

જંગલોમાં જઈને 35 લાખ કરતા વધુ બીજ એકત્ર કર્યા છે. એવું પણ નથી કે કોઈપણ વૃક્ષ ગમે ત્યાં વાવી દેવું, અમે એવા સીડ્સ ભેગા કર્યા કે જે વૃક્ષો લુપ્ત થઈ રહ્યા છે અને લોકોને ઉપયોગી છે.હાલ અમે આ વૃક્ષોના સીડ્સ બોલ બનાવવાની શરૂઆત કરી છે. અને તે પણ અમે વૈજ્ઞાનિક ઢબે બનાવી રહ્યા છીએ. આ તમામ બીજને અમે વર્મી કમ્પોઝ થકી તૈયાર કરી રહ્યા છે અને જે લોકો પણ આ સીડ્સ પોતાના ગામમાં કે જંગલોમાં ઉગાડવા માંગતા હોય અમે તેમને આપીશું અને સાથે અમે પણ આ કાર્ય કરીશું.

લુપ્ત થઈ રહેલા અને લોકોને ઉપયોગી હોય તેવા આ વૃક્ષોના બીજ એકત્ર કર્યા છે, જે રોપવા માટે અપાશે :

આ વૃક્ષોમાં ટેટુ, પાદલ,પાટલો, વારી, મહેસાણ, દટાખ, દાન્દુરો, પતરાડી, નાની ચામોલી, મોટી ચામોલી,બિલામ, ચારોળી,રગત રોયડો, શિકારી, કોટાળો, કડાયો, ખારસિંધી,મેઢ સિંધી, મટર સિંધી, કુંભીયો, બોથી, પંગારો, હીનો, મોખો, સિસમ, સાગ, ખેર, દંકઠ માંજો, જંગલી ભીડી, વરસ, રોયણ, ગોલદા, પાટો ઉભાંડો, આ સિવાય અન્ય ઘણી પ્રજાતિઓનો સમાવેશ થાય છે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 05-06-2024